અનુ.જાતિના ઈસમો પર થતા અત્યાચારના કારણો શોધી દુર કરવા તકેદારી અધિકારીઓના ત્રિમાસિક અહેવાલોની સમીક્ષા માટે રાજ્ય કક્ષાની સમિતિની રચના અંગે.

**ગુજરાત સરકાર,**
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક–સમત/૧૦૨૦૦૧/૧૬૫૨/હ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:– ૧૦ / ૧૦ / ૨૦૦૧.

વંચાણે લીધા :–

૧. સમાજ કલ્યાણ વિભાગ ના તા. ૨૬/૧૨/૮૫ નો ઠરાવ ક્રમાંક–સમત/૧૩૮૫/૧૩૮૭/ હ સેલ
૨. નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણ ગાંધીનગરનો તા. ૧૭/૭/૨૦૦૧ નો પત્ર ક્રમાંક–અજા/ છ /૨૦૦૧/ ૨૨૬૧

**ઠરાવ :–**

અનુસૂચિત જાતિના ઈસમો પર થતા અત્યાચારના કારણો શોધી દુર કરવા તેમજ તકેદારી અધિકારીશ્રીઓના ત્રિમાસિક અહેવાલોની સમીક્ષા માટે તા. ૨૬/૧૨/૮૫ ના ઠરાવથી રાજ્ય કક્ષાની સમિતિની રચના થયેલ છે. અને તે આજદિન સુધી નિયમિત રીતે મળે છે જીલ્લા કક્ષાની આ સમિતિમાં મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ લી. ગાંધીનગર તથા સચિવશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ ગાંધીનગરને કાયમી સભ્ય તરીકે નિમણૂંક કરવા નિયામકશ્રીએ તેમના તા. ૧૭ / ૭ /૨૦૦૧ ના પત્રથી દરખાસ્ત કરેલ હતી.

૨. નિયામકશ્રી અનુ.જાતિ કલ્યાણએ કરેલ દરખાસ્ત ઉપર પુખ્ત વિચારણાને અંતે (૧) મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર તથા (૨) સચિવશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગરને આમંત્રીત સભ્યો તરીકે નિમવાનું આથી ઠરાવવામાં આવે છે.

૩. આ અંગેની અન્ય શરતો આ વિભાગના તા. ૨૬/૧૨/૮૫ ના ઠરાવ ક્રમાંક–સમત / ૧૩૮૫/ ૧૩૮૭/ હ–સેલ માં દર્શાવ્યા પ્રમાણેની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિ. એમ. પરમાર)
નાયબ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
વિરોધપક્ષના માન. નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો,
* સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ઘ ૪/૨, ર્ડા. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
મેનેજીંગ ડીરેકટરીશ્રી, ગુજરાત અનુ.જાતિ વિકાસ નિગમ લી, ગાંધીનગર.
સચિવશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ બોર્ડ, ગાંધીનગર.
તમામ જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ
જીલ્લા તકેદારી અધિકારીશ્રીઓ.
તમામ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (પંચાયત)
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગની સર્વે શાખાઓ. / હ શાખા સિવાય
સીલેકટ ફાઈલ.

---

* પત્ર દ્વારા